॥ શ્રી કૃષ્ણ શરણં મમઃ ॥



ભગવાન ગીતાજી અધ્યાય ૧૦ શ્લોક ૨૫ માં

કહે છે કે :

સર્વ યજ્ઞોમાં જપયજ્ઞ હું છું.

# જપ યજ્ઞ

વસુદેવ સુતં દેવં કંસ ચાણુર મર્દનમ્

દેવકી પરમાનંદમ્ કૃષ્ણં વંદે જગત ગુરુમ

★

પ્રેમી ભક્તોને સપ્રેમ ભેટ

શાહ,

(ઉમરેઠ)

ના જય શ્રીકૃષ્ણ

વિ. સં. ૨૦

# "શ્રી કૃષ્ણ શરણં મમ"

ધર્મ તણા હે સંરક્ષક! પાપી જનોના વિનાશક!
યુગયુગના હે અવતારક! શ્રી કૃષ્ણ શરણં મમ...૧
ધર્મ તણા હે પ્રવર્તક! જ્ઞાનયોગના ઉપદેશક!
ભક્તિમાર્ગ તણા દર્શક! શ્રી કૃષ્ણ શરણં મમ...૨
પરમ કૃપાળુ પરમેશ્વર જગનિયંતા જગદીશ્વર!
હે વિશ્વાત્મા વિશ્વંભર! શ્રી કૃષ્ણ શરણં મમ...૩
આપ અનુપમ સર્વોત્તમ, પરબ્રહ્મ હે પુરુષોત્તમ!
હે અવિનાશી અચ્યુતમ! શ્રી કૃષ્ણ શરણં મમ...૪
સત્યં શિવં સુંદરં શ્યામ! દિવ્યસુખોના દીસો ધામ!
ભક્તજનોના પૂરણકામ! શ્રી કૃષ્ણ શરણં મમ...૫
તેજ પુંજ હે યોગેશ્વર! પ્રેમનિધિ છો પરમેશ્વર!
ગોપીજનોના હૃદયેશ્વર! શ્રી કૃષ્ણ શરણં મમ...૬
અંતર્યામી પ્રાણજીવન! દયાસિંધુ દેવકીનંદન!
મુકુન્દ મોહન મધુસૂદન! શ્રી કૃષ્ણ શરણં મમ...૭
સત્ય સનાતન જ્ઞાનસ્વરૂપ! હે અલૌકિક દિવ્ય સ્વરૂપ!
અદ્‌ભુત સાચે એક અનૂપ! શ્રી કૃષ્ણ શરણં મમ...૮
હે મંગલમય, શ્રી અવિનાશ! દુનિયા કેરા દિવ્ય પ્રકાશ!
વસી રહ્યા જલ, સ્થલ, આકાશ! — શ્રીકૃષ્ણં...૯

સૌના ઘટઘટ વસીઆ રામ! શાશ્વત શાંતિના છો ધામ!
પ્રેમજ્યોતિ પ્રગટાવે નામ! — શ્રીકૃષ્ણ...૧૦

વસુદેવ સુતં દેવમ્ કૃપાઝરણું વહતું નિત્યમ્!
શરણું તારું છે સત્યમ — શ્રીકૃષ્ણ...૧૧

આપ અવિનાશી છો અનંત, નિત્ય પ્રકાશી રહ્યા જ્વલંત;
અહો! દિવ્ય શક્તિ વિલસન્ત — શ્રીકૃષ્ણ...૧૨

વિશ્વમહીં તું એક મહાન, નથી ત્રિલોકે તુજ સમાન;
આપ અનન્ત, શક્તિવાન — શ્રીકૃષ્ણ...૧૩

રહ્યો સ્વયં પ્રકાશીત તું, સચ્ચિદાનંદ સ્વરૂપ તું;
વિશ્વમ્ભર! વિશ્વરૂપ તું — શ્રીકૃષ્ણ...૧૪

સર્વ આત્માનો આત્મા તું પરબ્રહ્મ પરમાત્મા તું;
હે ત્રિભુવર! વિશ્વાત્મા તું — શ્રીકૃષ્ણ...૧૫

દેવ તણું દેવત્વ તું, સાત્વિક જનોનું સત્ત્વ તું;
તેજ શશિ સૂરજનું તું — શ્રીકૃષ્ણ...૧૬

મન કેરૂ પણ મન છે તું, સર્વ ભુતોમાં ચેતન તું;
સૌનો આત્મ ધન છે તું — શ્રીકૃષ્ણ...૧૭

નયનો કેરૂં નૂર છે તું, જ્ઞાની ભક્તનું ઉર છે તું;
શૂરવીરોનું શૂર છે તું — શ્રીકૃષ્ણ...૧૮

તપસ્વી કેરૂં તપ છે તું, તેજસ્વીનું તેજ છે તું;
બુદ્ધિશાળીની બુદ્ધિ તું — શ્રીકૃષ્ણ...૧૯

દેવર્ષિ નારદમાં તું, દૈત્યોમાં પ્રહ્લાદ છે તું;
સરિતામાં જાહ્નવી છે તું — શ્રીકૃષ્ણ...૨૦

જલાશયોમાં સમુદ્ર તું, શબ્દોમાં ઓમકાર છે તું;
યજ્ઞોમાં જપ યજ્ઞ તું — શ્રીકૃષ્ણ...૨૧

ગાન્ધર્વોમાં ચિત્રરથ તું, સિદ્ધોમાં મુનિ કપિલ તું;
વસુ આઠમહિ અગ્નિ તું — શ્રીકૃષ્ણ...૨૨

કામધેનુ ગાયોમાં તું, સર્પોમાં વાસુકિ તું;
શેષનાગ નાગોમાં તું — શ્રીકૃષ્ણ...૨૩

મહર્ષિમાં ભૃગુઋષિ તું, સર્વ યક્ષોમાં કુબેર તું;
નક્ષત્રોમાં ચંદ્ર તું — શ્રીકૃષ્ણ...૨૪

મેરૂ નગમાંહી છે તું, ગરૂડ ખગમાંહી છે તું;
મૃગરાજ પશુઓમાં તું — શ્રીકૃષ્ણ...૨૫

અનેક રૂપે ધરી અવતાર, દેવતણી રક્ષા કરનાર;
વળી ભક્તોના ભય હરનાર — શ્રીકૃષ્ણ...૨૬

ભક્તજનોના ભવતારક, અધમ જનોના ઉદ્ધારક;
પાપતાપના નિવારક — શ્રીકૃષ્ણ...૨૭

ભકતવત્સલ, હે ભગવાન ! કૃષ્ણચંદ્ર કરુણાનિધાન;
કરાવતા — સુધારસ પાન — શ્રીકૃષ્ણ...૨૮

ભાવ ભૂખ્યા દીસો ભગવંત ! બન્યા પ્રેમને વશ ભગવંત;
આપ બંધાવો પ્રેમને તંત — શ્રીકૃષ્ણ...૨૯

પ્રેમી ભકતોના પ્રેમનું સ્થાન, શરણાગતનું નિર્ભયસ્થાન;
દુઃખિયાંના બેલી ભગવાન — શ્રીકૃષ્ણ...૩૦

હે જગવન્દન નંદકિશોર, નામ પડ્યું તુજ માખણ ચોર;
તું સૌનો છે જીવનદોર — શ્રીકૃષ્ણ...૩૧

વ્રજવિહારી નન્દકુમાર, શ્રીમદ્ ભગવદ્‌ગીતાકાર;
જ્ઞાનસુધારસ રેલવનાર — શ્રીકૃષ્ણ...૩૨

રચી અજબ ભગવદ્ ગીતા, દિવ્ય જ્ઞાન તણી સરિતા;
ભકિતભરી મંગલકર્તા — શ્રીકૃષ્ણ...૩૩

ત્રિવિધ તાપના નિવારક, ભક્તિ નૌકા ભવતારક;
પરમ પુનિત મુક્તિદાયક — શ્રીકૃષ્ણ...૩૪

અજ્ઞાન તિમિર તણો કરે નાશ, પાડે ઉરમાં દિવ્ય પ્રકાશ;
ભરે ઉર આનંદ ઉલ્લાસ — શ્રીકૃષ્ણ...૩૫

જ્ઞાન અગ્નિ પ્રગટાવી દે, પાપ પુંજ પ્રજાળી દે;
જન્મ મૃત્યુ ભય ટાળી દે — શ્રીકૃષ્ણ...૩૬

સ્વધર્મનું ભાન કરાવે એ, મનના રોગ મિટાવે એ;
સત્યના પંથે ચડાવે એ — શ્રી૦...૩૭

સ્વર્ગના કલ્પવૃક્ષ સમાન, મનવાંછિત ફલ કરે પ્રદાન;
સાચે ભગવતી મૂર્તિમાન — શ્રી૦...૩૮

સત્ય બ્રહ્મવિદ્યાનું ધામ, જેમાં વસિયાં તીર્થ તમામ;
કરે જેહ મન પુરણકામ — શ્રી૦...૩૯

તવ મુખની વાણી સુણાવી દે, અમૃતરસ રેલાવી દે;
નવચેતન પ્રગટાવી દે — શ્રી૦...૪૦

દિવ્ય બંસીના બજાવનાર, બ્રહ્મનાદના ગજાવનાર;
ગોપીકાનાં ચિત્ત હરનાર — શ્રી૦...૪૧

બંસી અલૌકિક વાગી જ્યાં, સુણતાં ચકીત થયાં સૌ ત્યાં;
બન્યાં મુગ્ધ દિવ્યસ્વરમાં — શ્રી૦...૪૨

વેણું-નાદના સુણતાં ગાન, ઋષિમુનિનાં છુટ્યાં ધ્યાન;
દેવો તણાં થંભ્યા વિમાન. — શ્રી૦...૪૩

દિવ્ય બંસીનાં સુણતાં ગાન, પશુ પંખી સૌ ભૂલ્યાં ભાન;
વૃક્ષો તણાં ન હાલે પાન — શ્રી૦...૪૪

યમુના કેરાં થંભ્યાં નીર, વ્રજ વનિતા બની અધીર;
અવળા સજ્યા શણગાર શરીર — શ્રી૦...૪૫

ડોલ્યા પર્વતો વળી નાગ, નાચ્યા મોર બપૈયા સાચ;
હૈયાં કોનાં રહ્યાં ન હાથ — શ્રી૦...૪૬

ગુંજ્યો નાદ બ્રહ્માંડની મહીં, દેવ-બાળા પણ મુગ્ધ થઈ ગઈ;
તૃણ ચરતી ગૌ થંભી ગઈ — શ્રી૦...૪૭

રાસ રમ્યા ગોપિકા સંગ, પ્રકટ્યો જેને ઉરે ઉમંગ;
પ્રેમ-દાનનો ધન્ય પ્રસંગ — શ્રી૦...૪૮

હરેક ગોપી સંગે, એકએક કહાન, રમે પ્રેમમાં થઈ ગુલતાન;
ભૂલ્યાં ગોપિકા તનનું ભાન — શ્રી૦...૪૯

રાસ રમે ગોપી ને કહાન, ગાતાં દિવ્ય મધુરાં ગાન;
પ્રેમ સુધાનાં કરતાં પાન — શ્રી૦...૫૦

કૃષ્ણ ગોપી વૃંદાવન માંહ્ય, કરે અલૌકિક નૃત્ય ત્યાંય;
થેઈથેઈકાર થઈ રહ્યો ત્યાંય — શ્રી૦...૫૧

સુર-મુનિવર જોવા લોભાય, રાસલીલા નીરખી હરખાય,
પુષ્પવૃષ્ટિ કરી કૃતાર્થ થાય — શ્રી૦...૫૨

મામા કંસનો વધ કરનાર, પૂતના કેરા પ્રાણ લેનાર;
છતાં તેમનો કર્યો ઉદ્ધાર — શ્રી૦...૫૩

વસુદેવ દેવકીજીને, કંસે પૂર્યા કારાગ્રહે;
મુક્ત કર્યાં પુણ્યાત્મા તે — શ્રી૦...૫૪

આપ પુણ્યાત્માના પોષક અને દુરાત્માના શોષક;
દીસો સંતો તણા રક્ષક — શ્રી૦...૫૫

આપ દીસો છો દીનદયાળ, છતાં કાળના છો મહાકાળ;
ધરો રૂપ કો સમે વિકરાળ — શ્રી૦...૫૬

દૈત્યો દે દેવોને ત્રાસ, ભય મુક્ત કરવા અવિનાશ:
કર્યો એ સર્વ તણો વિનાશ — શ્રી૦...૫૭

માર્યો વૃષભ ને નરકાસુર, માર્યા અઘાસુર બકાસુર;
માર્યા કેશી ને શકટાસુર — શ્રી૦...૫૮

તૃણાવર્ત ને શંખાસુર, માર્યા યમલાર્જુન ને મુર;
માર્યા મહાવીરો તે અસુર — શ્રી૦...૫૯

બન્યા સારથી અર્જુનના, દોષ દેખી દુર્યોધનના;
સહાયક થયા પાંડવતણા — શ્રી૦...૬૦

સ્વધર્મ તણું કરાવ્યું ભાન, દીધું યુદ્ધમાં આતમ જ્ઞાન;
છેદ્યાં વિશાદ અને અજ્ઞાન — શ્રી૦...૬૧

પાંડવોને દઈ ધર્માશ્રય, સત્ય ધર્મનો કર્યો વિજય;
કૌરવ કુળનો કર્યો જ ક્ષય — શ્રી૦...૬૨

દ્રૌપદી કેરી રક્ષા કાજ, દોડ્યાં તેહ ઘડી મહારાજ:
ભરી સભામાં રાખી લાજ — શ્રી કૃષ્ણ...૬૩

પરમ સંત સુદામાને, સત્કાર્યા પ્રિય સખા ગણીને;
દીધી સમૃદ્ધિ રીઝીને — શ્રી૦...૬૪

ભક્ત પ્રહ્લાદનો કરવા ઉદ્ધાર, પ્રગટ થયા નૃસિંહ અવતાર;
હિરણ્યાકશ્યપનો કર્યો સંહાર — શ્રી૦...૬૫

બાલ્યવયના ધ્રુવકુમાર, ઉગ્ર તપે ભક્તિ કરનાર;
અવિચલ પદ તેને દેનાર — શ્રી૦...૬૬

કર્યું ત્હેં રુક્ષ્મણી તણું હરણ, લીધું જેણે તારું શરણ;
મનોકામના કરી પૂરણ — શ્રી૦...૬૭

ઋષિવર દુર્વાસા ગભરાય, ચક્ર સુદર્શન પૂંઠે ધાય;
કરવા અંબરીષની રક્ષાય — શ્રી૦...૬૮

ગિરિરાજ ધારણ કરનાર, ગોકુળની રક્ષા કરનાર;
ઇન્દ્ર તણો મદ ઉતારનાર — શ્રી૦...૬૯

પ્રસન્ન થયા કુબ્જા ઉપર, કરી દીધી સર્વાંગ સુંદર;
લીધી શરણમાં રાધાવર — શ્રી૦...૭૦

કરી કાત્યાયની વ્રત મહાન, ગોપબાલા કરે અઘટિત સ્નાન;
વસ્ત્ર હરીને દીધું જ્ઞાન — શ્રી૦...૭૧

કૃષ્ણનો વૈભવ જોવા જાય, ભુવન ભુવન નવી લીલા થાય;
નિરખી નારદ વિસ્મય થાય — શ્રી...૭૨

તુજને સર્વ ભૂતો છે સમાન, છતાં વધુ પ્રિય ભક્તિવાન;
રહો વિશેષ રૂપે ઉર સ્થાન — શ્રી૦...૭૩

ત્રિભુવર તારી કૃપા જો થાય, મુંગાને વાચા થઈ જાય;
પંગુથી ગિરી ઓળંગાય — શ્રી૦...૭૪

રંક હોય તે થાય રાય, મૂર્ખ જનો પંડીત બની જાય;
અદ્‌ભુત તારાં કાર્ય ગણાય — શ્રી૦...૭૫

વિભુવર તારી કૃપા જો થાય, માનવ દેવ સમો બની જાય;
સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય — શ્રી૦...૭૬

જળનું સ્થળ કરી દે તું સૂકાં સરોવર ભરી દે તું;
તૃણનો મેરૂ બનાવે તું — શ્રી૦...૭૭

ફળ ફૂલ વૃક્ષની માંહી, પવન પાણી પર્વતો માંહી;
વિલસી રહ્યો તું સર્વની મહીં — શ્રી૦...૭૮

પુષ્પતણી સુંદરતામાં, મીઠી મીઠી સુવાસનામાં;
પમરી રહ્યો ફોરમતામાં — શ્રી૦...૭૯

મયુરતણા પિચ્છની અંદર, અદ્‌ભુત આંખ દીસે સુંદર;
રંગતણો પૂરનારો તું — શ્રી૦...૮૦

મેઘ ધનુષના રંગો માંહી, અજબ્ કૃતિ નીરખતાં ત્યાંહી;
તુજ દિવ્યતાનાં દર્શન થાય — શ્રી૦...૮૧

મહા વિષમ છે આ કલિકાળ, વ્રત તપ ના બને લગાર;
તરવાનું તુજ નામ આધાર — શ્રી૦...૮૨

તુજ નામનો દિવ્ય પ્રભાવ, પરમાનંદનો આપે લ્હાવ;
ભવસાગર તરવાનું નાવ — શ્રી૦...૮૩

નામ સ્મરે પુણ્ય પ્રાપ્તિ થાય, કોટિ જન્મનાં પાપ હણાય,
ભવબંધનથી છૂટી જાય — શ્રી૦...૮૪

કૃષ્ણ-કૃષ્ણ રસનાથી રટાય, પ્રેમ વડે જો ચિંતન થાય;
દિવ્ય સુખની પ્રાપ્તિ થાય — શ્રી૦...૮૫

હરિ ભજતાં હરિરૂપ થવાય, પરમાનંદની પ્રાપ્તિ થાય;
લક્ષચોર્યાસી ટળી જ જાય — શ્રી૦...૮૬

સદા સમરવા શ્રી અવિનાશ, ઉરમાં અતિ ભરી ઉલ્લાસ;
જ્યાં લગી ચાલે શ્વાસોશ્વાસ — શ્રી૦...૮૭

ભક્તિમાં પ્રીતિવાળા થાવ, ઉરમાં ધરી અનન્ય ભાવ;
ભગવદ્ રસ પી લેજો લ્હાવ — શ્રી૦...૮૮

અહોભાગી પરીક્ષિતરાય, ભગવદ્ રસભરી સૂણી કથાય;
ભક્તિ મુક્તિનો યોગ સધાય — શ્રી૦...૮૯

પ્રભુ તવ ચિંતન કરતાં ઉર, વહે ભક્તિ ગંગાનાં પૂર;
આનંદ ઉદધિ ઉછળે ઉર — શ્રી૦...૯૦

પ્રેમ ભક્તિનો જોડી તાર, જેહ તેમાં છે તદાકાર;
અવિચળ પદ પામ્યા નિરધાર — શ્રી...૯૧
સર્વ સમર્પણ કરીને જે, તવ શરણે આવેલા તે;
મુક્તિપદને પામ્યા છે તે — શ્રી૦...૯૨
ચોંટ્યુ તવસુ જેનુ ચિત્ત, ભવોભવ તણી છે પ્રીત;
બન્યા તુમાં તન્મય ખચિત — શ્રી૦...૯૩
સમર્પી તુને તન-મન-ધન, લાગી જેને તારી લગન;
પ્રેમ રસ પી બન્યા મગન — શ્રી૦...૯૪
જુઠી જગની છે જંજાળ, સત્ય નામ તારું ગોપાળ;
અજર—અમર પદને દેનાર — શ્રી૦...૯૫
પરમ દયાનિધિ કિરતાર! ભક્તોની મુક્તિનું દ્વાર;
સાચો તું જીવન આધાર — શ્રી૦...૯૬
કૃપાતણા સાગર છો નાથ! ભક્તોનો પકડો છો હાથ;
સદા રહો છો તેની સાથ — શ્રી૦...૯૭
હે ત્રિભુવર છો શ્યામ સુંદર, પ્રેમતણા સાગર ગંભીર;
નયને ભરિયાં અમૃત નીર — શ્રી૦...૯૮
હે વિભુવર! ગિરધર ગોપાળ! મંગલ મનોહર દીનદયાળ;
આપ ખરેખર પ્રણતપાલ — શ્રી૦...૯૯

પરમ દયાનિધિ કિરતાર, તું મારો એક જ આધાર;
કૃપાનિધિ ઉતારો પાર — શ્રી૦...૧૦૦

માત પિતા મારા પ્રભુ તું, પ્રિય સખા ને બંધુ તું;
જીવન તણું સર્વસ્વ તું — શ્રી૦...૧૦૧

હે યદુનંદન! આનંદઘન! ઉરથી ઇચ્છું તવ દર્શન;
દીયો દયાળુ થઈ પ્રસન્ન — શ્રી૦...૧૦૨

અહો અજબ દુનિયાનું નૂર, વસી રહ્યા ભક્તોના ઉર;
પ્રેમ વશ થઈ ખસો ન દૂર — શ્રી૦...૧૦૩

પરમ કૃપાનિધિ કિરતાર, સદા વસો મમ હૃદય મોઝાર;
અળગા થશો નહિ લગાર — શ્રી૦...૧૦૪

હે આત્માના વિશાળ વ્યોમ! મમ હૃદયના સૂરજ-સોમ;
રહ્યા પ્રકાશી રોમે રોમ — શ્રી૦...૧૦૫

તું જ પરમ ધન છે મારું, મારે એક શરણું તારું;
કર ગ્રહી લે હે કૃપાળુ! — શ્રી૦...૧૦૬

હે સૃષ્ટિના સર્જનહાર! અકળ લીલા તારી અપાર;
ઋષિમુનિ નવ પામ્યા પાર — શ્રીકૃષ્ણ...૧૦૭

જપમાળા જે કોઈ આ ગાય, પ્રભુ તેહ પર પ્રસન્ન થાય;
અંત સમે વૈકુંઠ લઈ જાય, શ્રી કૃષ્ણ શરણં મમ...૧૦૮